(૧૬)

વેચાણવેરાની આવકના આંકડા–માહિતિ
વેચાણવેરા કચેરીને આપવા બાબત.

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**પરિપત્ર ક્રમાંક :– હિતિનિ/ટીસી/ફા.૧૦૫/૪૨૪૯.**
તારીખ :–૧૭–૫–૨૦૦૭.

**:: પરિપત્ર :: નંબર : ૧૪/૨૦૦૭ ::**

આથી સંબંધકર્તા તમામ શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર લાવવામાં આવે છે કે, રાજ્ય સરકારની સુચના અનુસાર તમામે રોજબરોજના વેચાણવેરાની આવકના ચલનો/ટેક્ષ કલેક્શન અંગેના ડેટા કાયમી ધોરણે તાકીદે અદ્યતન કરવા અને તેને વેબસાઈટ ઉપર અપલોડ કરવા તથા જિલ્લા કક્ષાએ સંબંધકર્તા વેચાણવેરા અધિકારીની કચેરી તરફથી માગવામાં આવે તો તે આંકડા–માહિતિ નિયમિત રીતે દૈનિક ધોરણે પુરી પાડવી.

કેટલીક જિલ્લા તિજોરી કચેરી તરફથી વેચાણવેરાની આવકના ચલન/ટેક્ષ કલેકશનની દૈનિક ધોરણે ડેટા એન્ટ્રી કરાતી નથી, ડેટા અદ્યતન કરાતા નથી તથા આંકડાકીય માહિતિ વેચાણવેરા અધિકારીની કચેરીને નિયમિત રીતે પૂરી પાડવામાં આવતી ન હોવાની ગંભીર ફરીયાદ નાણાં વિભાગમાં થયેલ છે.

આ બાબત ખૂબજ ગંભીર, સંવેદનશીલ અને અગત્યની હોઈ તાત્કાલિક કાર્યવાહી કરવી. અન્યથા સંબંધકર્તા સામે ઘટીત કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

(સહી)
નિયામક.

પ્રતિ,
શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી,
....................(તમામ).